**Research Review** **ISSN : 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **July 2019, Year - 6 (75)**
**www.researchreviewonline.com** **Paper ID : RRJ000068**

# વાલ્મિકી રામાયણનો ગુજરાતી સાહિત્ય ઉપર પ્રભાવ

**ડૉ ફાલ્ગુની જે પોમલ,**

**અધ્યાપક સહાયક,**

**જી. એમ. ડી. સી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,**

**નખત્રાણા-કચ્છ**

---

ભારતની લગભગ તમામ પ્રાદેશિક ભાષાઓ પર આપણાં મહાન આદિકાવ્યો રામાયણ અને મહાભારતનો વ્યાપક પ્રભાવ રહ્યો છે. સાહિત્યના મોટાભાગનાં સ્વરૂપોમાં આ બંને મહાકાવ્યોને આધારે અનેક મૌલિક રચનાઓ આપણને પ્રાપ્ત થતી રહી છે.

ગુજરાતી સાહિત્યના મધ્યકાળને તપાસીએ તો, મધ્યકાળ તો ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો યુગ એટલે સ્વાભાવિક રીતે જ એમાં રામાયણ, મહાભારત, ભાગવત, હરિવંશ અને લોકકથાઓને લક્ષમાં લઈને આખ્યાનકારો, પધવાર્તાકારો અને અન્ય સ્વરૂપોમાં પણ મહાભારત, રામાયણને કેન્દ્રમાં રાખીને ખાસ્સું ખેડાણ થયું છે. જેમાં એના સર્જકોની સાથે સાથે લોકમાનસનું પણ પ્રતિબિંબ આપોઆપ ઝિલાયું છે. પણ એમાં સ્વાભાવિક રીતે બોધનું પ્રાધાન્ય, સંસ્કૃતિને સાચવવાની હિમાયત, લોકરંજનનું તત્વ ને એને કારણે આપણી આ કૃતિઓનાં મહાન ચરિત્રોનું ક્યાંક ગુજરાતીકરણ તો કતયાંક પ્રાકૃતિકરણ થયું છે.

આપણું મધ્યકાલીન સાહિત્ય મહદઅંશે ભાગવત, રામાયણ, મહાભારત એ ત્રણ આદિમગ્રંથોથી અત્યંત પ્રભાવિત રહ્યું છે. મધ્યકાલીન સમાજની પૃષ્ઠભૂ  અનુસાર એ સમયના કવિઓએ પ્રજાની વિષમ પરિસ્થિતિને ધ્યાને લઈ એના સંસ્કારને સ્થિર રાખવા આપણી સંસ્કૃતિની જ્યોતિ જલાવી રાખી આ ગ્રંથોની મૂલ્યનિષ્ઠાને આધારે જ. આથી સ્વાભાવિક રીતે સંસ્કૃતિનાં આદિ કાવ્યો રામાયણ, મહાભારત અને પછીથી કાલિદાસ આદિ કવિઓના પાંચ મહાકાવ્યોના મહાનાયકો રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર, અર્જુન, નળ વગેરેને કેન્દ્રમાં રાખી મધ્યકાલીન સર્જકોએ સાહિત્ય સ્વરૂપોની વિવિધ રચના કરી, ખાસ કરીને પંડિતયુગના પ્રારંભથી આજ લગી આ મહાકાવ્યોએ એમાં આધુનિક દૃષ્ટિકોણનું આરોપણ કર્યું. સ્વાભાવિક રીતે જ આ ઘટના આ મહાનાયકોની પ્રસ્તુતતા અને શાશ્વતીને ચીંધે છે. એની સક્ષમતાનો  પણ સુપેરે પરિચય કરાવે છે.

મધ્યકાળમાં મોટાભાગનું સાહિત્ય આખ્યાન સ્વરૂપમાં ઝિલાયું છે. જેનું મુખ્ય કારણ આખ્યાનનું બંધારણ છે. રામાયણ, ભાગવત, મહાભારત જેવી પૌરાણિક કથાઓમાથી વસ્તુ લઈ આખ્યાનકાર રચતાં હોય છે. આખ્યાન કથાકાવ્ય છે પણ અન્ય કથાકાવ્યોથી એ રીતે જુદ્દ પડે છે. આખ્યાન ધર્મકથા છે અને કથા શ્રોતાઓની ધર્માનુરાગિતા જાગૃત કરવા નહી, દઢ કરવા રચાઇ હોય છે. તેથી આપણે સૌ પ્રથમ રામાયણ પર આધારિત આખ્યાન સાહિત્ય સ્વરૂપમાં રચાયેલી કૃતિનો પરિચય મેળવીએ.

મધ્યકાળમાં આખ્યાન સ્વરૂપમાં સૌ પ્રથમ રામાયણ પર આધારિત આખ્યાન કર્મણ મંત્રીનું 'સીતાહરણ', 'કિવા રામાયણ' અને 'રામકથા જોવા મળે છે.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-6-issue-75-july-2019/RRJ000068

'સંવત પન્નર છવ્વીસઇ સીતાહરણ વિચાર, કર જોડી કર્મણ તવઇ અધ્યાહ ગિરા આધાર' પરથી એવું કહી શકાય કે,તેઓ ઇ.સ.1470માં હયાત હશે. વિ.સ. ૧૫૧૨(ઇ.૧૪૫૬)માં રચાયેલ પદ્મનાભ 'કાન્હડદે – પ્રબંધ'માની પંક્તિતઓ 'સીતાહરણ' ની કેટલીક પંક્તિઓ સાથે મળતી આવે છે અને પ્રસંગ પણ સમાન રીતે વર્ણવાયેલા જોવા મળે છે.

આખ્યાન સાહિત્યમાં કવિ "રામ વિવાહ", 'રામાયણ-તૂટક', 'રામલીલા ચરિત્ર' જ્યારે કવિશ્રી નાકરે પૌરાણિક પાત્રો આધારિત કડવાબંધ 'રામાયણ', 'મહાભારત' રચી ગુજરાતી સાહિત્યમાં શિરમોર સ્થાન મેળવ્યું છે. કર્મણ મંત્રીનું 'સીતહરણ' અથવા 'રામાયણ', 'રામકથા' આવે છે જેમનો સમય ગાળો ઇ.સ.૧૪૭૦ છે. તેઓ રામાયણની કથાવસ્તુને આધારે સ્વરૂપ લઈ તે જ કથાવસ્તુને પદ્યબંધરૂપે રજૂ કરેલ છે. જેમાં તેઓએ તેમનાં સમયગાળાનાં 'પવાડું', ચાલુ સવૈયાની દેશી, દુહા-ચોપાઈ,છંદોનાં ઢાળ વગેરે પ્રયોજેલ છે.

પશ્ચિમ મારવાડનાં માંડણ બંધારાએ, ઇ.સ.૧૬મી સદીની આસપાસ ૭૦ ખંડોમાં 'રામાયણ' આખ્યાનની રચના કરી. આ જ કવિએ 'પ્રબોધ બત્રીસી' ઉપરાંત 'રૂકમાંગદ', રામાયણનો ભાગ એવા 'હનુમતાંખ્યાન' વગેરેની રચના કરી. કવિશ્રી નાકરે આ જ પરંપરામાં 'રામાયણ' આખ્યાનની રચના કરી રામકથાનું ગુજરાતીમાં અવતરણ કર્યું. એમાં એમના વર્ણનો અને ભાવ સ્પષ્ટ અનુભવી શકાય છે.

આ જ પરંપરામાં ટૂંકા આખ્યાનો લખનાર કવિશ્રી વજીયાએ 'સીતાવેલ', ૧૭ કડવાની, 'રણજંગ, ૧૫ કડીની 'સીતાસંદેશ' એમ અન્ય ત્રણ કૃતિઓ આપેલ છે. પાંચ કડવામાં પારંપારિક રીતે ક્ષત્રિયોમાં લગ્ન સમયે જે ' વેલપ્રથા' છે, તેનું વર્ણન સીતાનાં સંદર્ભમાં સ્વયંવર વગેરેનું ધ્યાનાકર્ષક વર્ણન કરેલ છે.

ગુજરાતનાં પ્રસિદ્ધ આખ્યાનકાર પ્રેમાનંદ કૃષ્ણભક્તિનું ગાન કરનાર કવિ છે, તેઓશ્રીએ એક કૃતિ "રણયજ્ઞ" ૨૬ કડવાનું આખ્યાન રામકથા આધારિત આપેલ છે. જેમાં તેમણે મૌલિક પ્રસંગો દ્વારા કથાને ઘાટ આપવાનો પ્રયત્ન કરેલ છે. વિશાળ રામકથાને સંક્ષેપમાં રજૂ કરવાનાં કારણે ક્યાંક ક્યાંક કાવ્યતત્વ લથડતું જણાય છે. યુદ્ધ વર્ણનોની અતિશયોક્તિને લીધે આખ્યાન ભારેખમ બન્યું છે.

મધ્યકાલીન કવિ ગિરધરે આ જ પરંપરામાં 299 કડવા અને ૯૫૫૧ ચોપાઈ (વિવિધ દેશીઓ)માં 'રામાયણ' અને હનુમાનનાં ચરિત્રને આલેખતી કૃતિ 'પંદર તિથી હનુમાન" ની રચના આપેલ છે. મૂળ પ્રંસંગોમાં પોતાની પ્રતિભાથી પરીવર્તન કરી કવિઓ નુતનનાં અને ચમત્કાર નિરૂપતા હોય છે અહી કવિએ શ્રીરામનાં ચરણસ્પર્શ નહિ, પરંતુ પવન દ્વારા રામચરણધૂલિશલ્યા બનેલી અહલ્યાને સ્પર્શતા તે ફરી અહલ્યા બને છે. તેવું નિરૂપણ કરી, કોઈને પગ અડાડવો, યોગ્ય નથી તેવો સંદેશ આપે છે.

આ જ પરંપરામાં રામભક્ત તરીકે પ્રખ્યાત કવિ ભાલણ આવે છે. તેઓ કવિતામાં પદાંતે 'ભાલણ પ્રભુ રઘુનાથ' એમ કહી અનેક રચનાઓ આપેલ છે. શ્રી કૃષ્ણલીલામાં પણ શ્રી રામ દર્શન અનુભવે છે.

રામગાન કરનાર ભાલણની કૃતિઓમાં 'મામકી આખ્યાન', 'રામ વિવાહ', 'રામાયણ તૂટક', 'ધ્રૂવાખ્યાન', 'જાલંધર આખ્યાન', 'રામબાલ ચરિત' જેમ કૃષ્ણની બાળલીલાઓમાં કૃષ્ણભક્તો તલ્લીન થઈ જાય છે, તેમ કવિશ્રી રામની બાળલીલામાં તન્મય બની જાય છે જાણે તેઓ કૌશલ્યાનંદન રામને દશરથનાં રાજમહેલમાં પારણે ઝૂલવતાં હોય,તેવું હદયગમ રચાય છે.

આખ્યાન ઉપરાંત ગરબી, પદ, ફાગુ વગેરે કાવ્ય પ્રકારોનું ખેડાણ પણ મધ્યકાળમાં થયેલ છે. જેમાં કવિ રણછોડ પદમાળામાં "રાવણ મંદોદરી સંવાદ", પદ, ગરબી વગેરે નાના કાવ્ય પ્રકારો છે. પંરતુ ભાવોને વ્યક્ત કરવામાં સરળ છે. લોકભોગ્ય, લોક પ્રચલિત છે. જેમાં લોકસાહિત્યની ઢબે રજૂઆત કરવામાં આવે છે. જેમાં 'રૂડા રામની ગરબી' રમકથામાં પરીવર્તન કરેલ છે. આ ઉપરાંત પદોની સંવાદ શૈલીમાં રામ- સીતાનાં (પતિ-પત્નીનાં) સંવાદમાં લોકસાહિત્યને ધ્યાનમાં રાખી પ્રેમપૂર્ણ રજૂઆત થઈ છે.

"લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો;
ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યાં છો,
રામ તમારે બોલડીયે,
હું પર ઘેર દળવા જઈશ જો."

ગુજરાતી ભાષા સાહિત્યમાં 'બારમાસી' કાવ્યનો પ્રભાવ રહ્યો છે. જેમાં પૂર્ણ વર્ષ અર્થાત બાર મહિનાની કથાનું વિગતવાર નિરૂપણ કરવામાં આવે છે. આ બારમાસી કાવ્યપ્રકારમાં રામભક્ત રામૈયાએ અશોકવાટિકામાં રહેલી સીતાનું પ્રોષિતભર્તુકા તરીકે સીતાના વિરહનું ગાન કર્યું છે.

સંવાદકાવ્યોમાં 'રાવણ મંદોદરી સંવાદ'ની રચના શ્રીધર અડાલજાએ રચેલ છે. દક્ષિણ ગુજરાતનાં કવિ કિકું વસહીએ (ઇ.સ.૧૬મી) 'અંગદવિષ્ટિ' ૬૦ છપ્પાઓમાં રાવણ- અંગદના સંવાદને રજૂ કરેલ છે, સાથે જ યુદ્ધ વર્ણન પણ છે.

ગુજરાતી સાહિત્ય ઉપર જૈન મુનીઓનો પ્રભાવ સારો એવો રહ્યો છે. તેઓ દ્વારા રચાયેલ સાહિત્ય પુષ્કળ માત્રામાં જૈન ગ્રન્થ ભંડારોમાં સચવાયેલ છે જૈન મુનીઓએ પણ રામકથાનો પ્રભાવ ઝીલી રામનાં ચરિત્રને નિરૂપ્યું છે. જેમાં મુનીશ્રી સમયસુંદર દ્વારા રચિત 'સીતારામ ચોપાઈ' જે નવલખંડમાં વહેચાયેલ દરેક ખંડમાં ૭ એમ કુલ ૬૩ ઢાલ અને દુહાઓ તેમજ ૩૭૦૦ કડીનું દીર્ઘ કાવ્ય છે. તેઓશ્રીનાં કાવ્યોમાં મહાસેન કૃત 'સિયાચરિઉ' તથા 'પઉપરિચય'નો પ્રભાવ જોઈ શકાય છે. આ ઉપરાંત કવિ સુ□□નમુનિ દ્વારા રચિત 'રામ રાસ- રઘુવંશ' દેવ તિલક સૂરીના શિષ્ય હેમરત્ન સુરીએ સીતાચરિત્ર સંઘદાસગણિ કૃત 'વસુદેવકી', મુનીશ્રી વિમલસૂરિ કૃત 'પઉમચરીય', મુનીશ્રી ગુણભદ્ર રચિત, 'ઉતરપુરાણ' જૈન પરંપરામાં રમકથાને રજૂ કરતી રચનાઓ છે.

મધ્યકાળમાં જુદા જુદા આયામોથી રામકથાને સર્જકોએ કૃતિમાં આલેખી છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં શિવાલાલ ધનેશ્વર કૃત 'લક્ષ્મણ વિરહ' દીર્ઘ કાવ્યમાં રામની વેદના પ્રગટ થાય છે. દોલતરામ પંડ્યાકૃત 'ઇન્દ્રજિત- વધ' કાવ્ય ઇ.સ.૧૮૮૭માં સંસ્કૃત મહાકાવ્યની રીતે સર્ગબદ્ધ રચવાનો પ્રયત્ન કવિશ્રીએ કરેલો છે, જેમાં ૨૬ સર્ગો છે. એટલુ જ નહીં, કાવ્યની પ્રસ્તાવના સંસ્કૃત માતા મહીને હતા તેવાં જ સંસ્કાર પ્રાકૃત માતાને હોવાં જોઈએ એવો વિચાર વ્યકત કરેલ છે.

જન્મશંકર મહાશંકર બૂચ જેઓ 'લલિત' ઉપનામથી કાવ્ય રચે છે, તેઓશ્રીએ 'લલીતનાં કાવ્યો' નામે સંગ્રહમાં ' એકલ રામ', 'સીતા રે વિનાના એ રામ ઝૂરે', 'જોને સતી રે વિનાના સૂના શ્યામ' વગેરે કાવ્યો પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત 'સીતા-વનવાસ' એ નાટકમાં 'ઉતર રામચરિતમ'નો પ્રભાવ દ્રષ્ટિગોચર થાય છે. આ જ પ્રમાણે જયમનબહેન પાઠક દ્વારા 'સોણેલા' કાવ્યસંગ્રહમાં રામાયણ-મહાભારતના પાત્રોનાં મનોભાવો વ્યકત થાય છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં શ્રી હરિકૃષણ પાઠક તથા શ્રી ધ્વનિલે "શ્રી રામ માધુરી" નામે શ્રી રામ ચેતનામાં ૪૬ કાવ્યોનું સંકલન પ્રસિદ્ધ કરેલ છે. કવિશ્રી સુંદરમે જુદા-જુદા આયમોથી 'પ્રભુપદ' સંગ્રહમાં 'રામવિભક્તિ સંગ્રહ અષ્ટ', "રામ નવમી", "રામ કેવળ", "રાઘવનું હદય", "રામનો પશ્ચાતાપ" નામે રામ મહિમાગાન કરેલ છે. કવિશ્રી ઉમાશંકર જોશી રચિત 'ઘટમાં ધૂટાય રામ', "ખિસકોલી", "પંપાસરોવર", "શબરી" માં શબરીની રામભક્તિનું ગાન કરેલ છે.

કવિશ્રી સુધાશું વિરચિત 'આપોને હુંકારો રૂડિયારામ રે'માં (રામસાગર : પૃ.૧૫૬) કવિશ્રી મકરંદ દવે એ 'ઘટમાં ગહેકે ઘેરું -૨' સંગ્રહમાં 'એવો મુલક', વેણીભાઇ પુરોહિત વિરચિત 'લગની', 'રામઝરૂખો' કવિશ્રી સુરેશ દલાલ દ્વારા રામ વિષયક કાવ્યો પ્રાપ્ત થાય છે. જેમાં ઈશ્વર સ્વરૂપે રામને જુએ છે,

'રમત રામની રે, માહે રમણહારો રામ'
આ સૃષ્ટી લીલા એ તો અખિલ અહો અભિરામ.
(કાવ્યસૃષ્ટી –બે–પદધ્વનિ,પૃ.૩૨૮)

'પન્ચેદ્રીયની પંચવટી', 'વીસમી સદીના વીર્ય – વિચિત્રનું ગીત'માં રામને પ્રતીક સ્વરૂપે રજૂ કર્યા છે.

કવિશ્રી નિતિન વડગામા દ્વારા 'અપરંપાર' સંગ્રહમાં 'રામનામ', 'રામભરોસો', 'રામ રસાયણ' તથા 'રામ રખોપું' એ ચાર રામકથા આધારિત કાવ્યો મળે છે. ભાનુપ્રસાદ પંડ્યા દ્વારા રચિત 'શબરીનાં બોરાં' સોનેટ પ્રાપ્ત થાય છે.

શ્રી ધીરેન્દ્ર મહેતા રચિત ' કંપ', 'ધનુષ ઉતારો રામ', 'પહેલા રામને ગોતો' વિષયક કાવ્યો મળે છે.

કવિશ્રી દુલાભાયા કાગ બાપુએ "પગ મને ધોવા ધો ને.."વગેરે. આ ઉપરાંત ચરિત્ર કથાઓ અને નવલકથાઓમાં રામનું આલેખન થયેલ છે.

વાઘજી આશારામ ઓઝા પૌરાણીક વિષયોને લઈ 'સીતા સ્વયંવર', 'રાવણવધ', 'દ્રોપદી સ્વયંવર' વગેરે નાટકોની રચના કરી છે. મહાપ્રસ્થાનમાં ગુજરાતનાં મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીએ 'મંથરા' અને 'ભરત'નું કથાવસ્તુ રામાયણમાંથી લીધેલ છે. 'મંથરા' શ્રેષ્ઠ કૃતિ છે, અયોધ્યાકાંડ રામાયણમાં કૈક્યીનાં માનસ ઉપર ધીરે-ધીરે પ્રભુત્વ જમાવી રામને વનવાસ અને ભરતને ગાદી જ શ્રેષ્ઠ છે તે સિવાય અન્ય ન વિચારી શકે તેમ કરવામાં સફળ થાય છે, એ જ પ્રમાણે 'મંથરા' માં કવિશ્રી કૈકેયીનાં માનસપટ ઉપર મંથરાનાં પ્રભુત્વને ક્રમશઃ દર્શાવે છે. આ જ પ્રમાણે 'ભરત'માં ભરત મિલાપ પ્રસંગ મૂળ ભાવને વફાદાર રહી નિરૂપ્યો છે. પ્રિયકાંત મણિયારે એકોકિત કાવ્ય 'રામવિલાપ' સંવાદ કાવ્યમાં રામ અને સીતાનાં, સીતા ત્યાગ બાદનાં વિરહને વ્યક્ત કરેલ છે. મહેલમાં છતાં વનવાસ ભોગવતાં રામની વ્યથાને આલેખી છે. પન્નાલાલ પટેલે 'રામે સીતાને માર્યો જો' ભાગ-૧ થી ૪માં રામ-સીતા જીવનને આલેખ્યું છે.

વાલ્મિકી રામાયણને કેન્દ્રમાં રાખીને ગુજરાતી સાહિત્યમાં સાહિત્યકારોએ રામવિષયક ચરિત્ર પુસ્તકો પણ આપ્યા છે. જેમાં શ્રી હરિન્દ્ર દવે પાસેથી 'કથા રામની વ્યથા માનવની', નાનાભાઈ પાસેથી 'રામાયણનાં પાત્રો', કિશોરલાલ મશરૂવાળા પાસેથી 'રામ અને કૃષ્ણ' તથા દર્શના ધોળકિયા પાસેથી 'અસંગલીલા પુરુષ' જેવા ચરિત્ર પુસ્તકો સાંપડ્યા છે.

ISSN : 2321- 4708
July 2019, Year - 6 (75)
Paper ID : RRJ000068

નવલકથા ક્ષેત્રની જો વાત કરવા જઈએ તો ગુજરાતી સાહિત્યમાં સમર્થ કહેવાય એવા સર્જકોએ રામાયણ વિષયક નવલકથાઓ આપી છે જેનો આંક લગભગ ૧૭ જેટલો છે. જેમાં મુખ્યત્વે પન્નાલાલ પટેલની 'રામે સીતાને માર્યા જો' ભાગ ૧ થી ૪, શ્રી દક્ષિણકુમાર જોશીની 'રઘુકૂળ તિલક' શ્રી રામ-ભાગ-૧ થી ૩, પિનાકીન દવે, 'અયોધ્યા', 'વરદાન', અને 'અભિષેક' નવલકથાક્ષેત્રની તથા નવનીત સેવકની 'વનવાસ', 'સુવર્ણમૂર્ગ' અને 'કિષ્કિન્ધા' નવલકથા શ્રેણી પ્રાપ્ત થાય છે.

આમ, સમગ્ર સંદર્ભમાં જોતાં જે જે સ્વરૂપો ઉપર રામાયણનો પ્રભાવ પડ્યો છે તે કૃતિઓમાં એના સર્જકોએ માનવ જીવનના મૂલ્યોના સ્થાપનને મહત્વ આપ્યું છે. મૂળ વાલ્મિકી કૃત 'રામાયણનો ગ્રંથ કદાચ આમ સમાજને પચી કે જચી ન પણ શકે તેથી એ ગ્રથનું સરલીકારણ કરીને, એમાં પોતાની મૌલિકતા ઉમેરીને આ સર્જકોએ જન સમાજને વાલ્મિકી પ્રત્યે અભિમુખ કરવાનું બહુ મોટું કામ કરી આપીને પ્રજા ચેતનાની શગ સંકોરી આપી છે ઉપરાંત આજે પણ રામાયણનું કેટલું મૂલ્ય છે એ પણ આ કૃતિઓની ઇયતા પરથી પ્રમાણિત થાય છે જે વાલ્મિકી અને તેમનં આ ગ્રંથને અકાલ સાબિત કરે છે.